# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 22-03-2024 સવારે : 7.45 થી 7.55

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

- ✓ દિલ્હીના મુખ્યમંત્રી  અરવિંદ કેજરીવાલની ED દ્વારા કથિત દારૂ કૌભાંડમાં ધરપકડ કરાઈ.
- ✓ ચૂંટણી પંચે ચૂંટણી બોન્ડની સંપૂર્ણ વિગતો તેની વેબસાઇટ પર જાહેર કરી છે.
- ✓ કોંગ્રેસે લોકસભા ચૂંટણી માટે ગુજરાતના 11 સહિત 57 ઉમેદવારોની બીજી યાદી બહાર પાડી. - ભાજપે પણ 9 ઉમેદવારોના નામ જાહેર કર્યા.
- ✓ ભારતે હૈતી અને ડોમિનિકન રિપબ્લિકમાં ફસાયેલા ભારતીય નાગરિકોને બહાર કાઢવા માટે ઓપરેશન ઇન્દ્રાવતી શરૂ કર્યું.
- ✓ ઈન્ડિયન પ્રીમીયર લિંગનો આજથી પ્રારંભ. ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે આજે પ્રથમ મુકાબલો.
- ✓ ભારતનો પ્રિયાંશુ રાજાવત સ્વિસ ઓપન બેડમિન્ટનમાં ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યો.

......................

# *KEJRIWAL-ARREST*

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ગઈકાલે રાત્રે કથિત દારૂ કૌભાંડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. EDની એક ટીમ ગઈકાલે સાંજે મુખ્યમંત્રી આવાસ પર પહોંચી અને સર્ચ હાથ ધર્યું હતું ત્યાર બાદ ધરપકડ કરવામાં આવી છે.

EDએ મની લોન્ડરિંગ કેસમાં અરવિંદ કેજરીવાલને હાજર થવા માટે નવ સમન્સ મોકલ્યા હતા. જો કે, શ્રી કેજરીવાલે તમામ સમન્સને ગેરકાયદેસર અને રાજકીય રીતે પ્રેરિત ગણાવીને ધ્યાનમાં નહોતા લીધા.

AAP નેતા અને દિલ્હીના મંત્રી આતિશીએ કહ્યું કે, પાર્ટીએ શ્રી કેજરીવાલની ધરપકડને રદ કરવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. કાર્યવાહી પર પ્રતિક્રિયા આપતા ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે કહ્યું કે, આ કાયદાની પ્રક્રિયા છે જે ભ્રષ્ટાચાર સામે યોગ્ય પગલાં લેવાના હેતુથી કરવામાં આવી રહી છે. દરમિયાન કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કેજરીવાલની ધરપકડને ગેરબંધારણીય ગણાવી છે.

..............................................

# *ELECTROL BOND*

ચૂંટણી પંચે, ચૂંટણી બોન્ડની સંપૂર્ણ માહિતી તેની વેબસાઇટ પર જાહેર કરી છે. આ માહિતીમાં ઇલેકટ્રોલ બોન્ડ ખરીદનારાના નામ, બોન્ડ નંબર, બોન્ડ વટાવનાર વ્યક્તિનું નામ તથા બોન્ડના યુનિક નંબરની

વિગતો સામેલ છે. જેનાથી બોન્ડ ખરીદદાર અને વટાવનારની માહિતી મળે છે.

ઉલ્લેખનીય છે કે, સર્વોચ્ચ અદાલતના આદેશ બાદ એસ.બી.આઈ. દ્વારા ઇલેક્ટ્રોલ બોન્ડની તમામ વિગતો ચૂંટણીપંચને સોંપવામાં આવી હતી. પંચ દ્વારા દાતા અને દાન દેનારની અલગ અલગ યાદી વેબસાઇટ પર જાહેર કરાઇ છે.

..............................................

## *CONGRESS- LIST*

કોંગ્રેસે લોકસભા ચૂંટણી માટે 57 ઉમેદવારોની યાદી જાહેર કરી છે. અરુણાચલ પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી નબામ તુકી અરુણાચલ પશ્ચિમ બેઠક પરથી, જ્યારે પુડુચેરીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વૈથિલિંગમ પુડુચેરી લોકસભા બેઠક પરથી ચૂંટણી લડશે. જ્યારે વર્તમાન લોકસભામાં કોંગ્રેસ પાર્ટીના નેતા અધીર રંજન ચૌધરી પશ્ચિમ બંગાળના બહરમપુરથી ચૂંટણી લડશે.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે કોંગ્રેસ પક્ષે અરૂણાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટેના 34 ઉમેદવારોની પણ જાહેરાત કરી છે. વિધાનસભાની 60 બેઠકોની ચૂંટણી આગામી 19મી એપ્રિલે લોકસભાની પહેલા તબક્કાની ચૂંટણીની સાથે જ યોજાવાની છે.

..............................................

## *BJP-THIRD LIST*

ભારતીય જનતા પક્ષે લોકસભાની ચૂંટણી માટેની ગઈકાલે જાહેર કરેલી ત્રીજી યાદીમાં નવ ઉમેદવારોની જાહેરાત કરી છે.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી એલ. મુરુગન લોકસભાની નિલગીરી જ્યારે તેલંગાણાના ભૂતપૂર્વ રાજ્યપાલ તમિલીસાંઇ સૌંદરરાજન દક્ષિણ ચેન્નાઇ બેઠક પરથી ભાજપના ઉમેદવાર રહેશે. તમિળનાડુ પ્રદેશ ભાજપના વડા કે. અન્નામલાઇ લોકસભાની કોઇમ્બતૂર બેઠક પરથી ચૂંટણી લડશે.

ઉલ્લેખનીય છે કે, ભાજપે અગાઉ લોકસભાની ચૂંટણી માટેના 267 ઉમેદવારોની જાહેરાત કરી છે.

..............................................

## *LOK SABHA ELECTION*

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાનું ચાલુ છે. આ તબક્કામાં 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 લોકસભા સીટો પર ચૂંટણી યોજાશે.

કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે ગઈકાલે ઉધમપુર લોકસભા મતવિસ્તારમાંથી ઉમેદવારી પત્ર ભર્યું હતું. કઠુઆમાં બેઠક પર પ્રથમ તબક્કામાં 19મી એપ્રિલે મતદાન થશે. જ્યારે ભાજપના નેતા નિસિથ પ્રામાણિકે પણ કૂચબિહારના જિલ્લા મેજિસ્ટ્રેટ ઓફિસમાં લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભર્યું છે.

.............................................

## *INDIA- INDRAVATI*

ભારતે કેરેબિયન ટાપુના હૈતી અને ડોમિનિકન રિપબ્લિકમાં ફસાયેલા ભારતીય નાગરિકોને બહાર કાઢવા માટે ઓપરેશન ઇન્દ્રાવતી શરૂ કર્યું છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં વિદેશ મંત્રી ડૉ એસ જયશંકરે કહ્યું કે, 12 ભારતીયોને બહાર કાઢવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે, ભારત સરકાર વિદેશમાં ભારતીય નાગરિકોની સુરક્ષા અને સુખાકારી માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. વધુમાં ડૉ. જયશંકરે ડોમિનિકન રિપબ્લિકની સરકારનો પણ તેમના સમર્થન બદલ આભાર માન્યો હતો.

.............................................

## *VICE PRESIDENT*

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે જણાવ્યું છે કે અર્થતંત્ર અને ટેક્નોલોજીમાં ભારતનો ઉદય એ વૈશ્વિક શાંતિ અને સંવાદિતાની ખાતરી છે. તેમણે એમ પણ કહ્યું છે કે, ભારત વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સંવાદિતાને પોષવા અને ટકાવી રાખવા માટે સમાન વિચાર ધરાવતા રાષ્ટ્રોને જોડવા માટે પ્રતિબદ્ધ છે.

શ્રી ધનખરે ગઈકાલે નવી દિલ્હીમાં ઉપ-રાષ્ટ્રપતિ નિવાસ ખાતે આંતરરાષ્ટ્રીય વ્યૂહાત્મક જોડાણ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે સહભાગીઓ સાથે વાતચીત કરતી વખતે આ જણાવ્યું હતું.

..............................................

## BROADCASTING SOCIAL MEDIA

માહિતી અને પ્રસારણ મંત્રાલયે સોશિયલ મીડિયા પરના તમામ સમર્થનકર્તાઓ અને પ્રભાવકોને સલાહ આપી છે કે, તેઓ કોઈપણ ઑનલાઇન સટ્ટાબાજી, સરોગેટ જાહેરાતો સહિતની બાબતોથી દૂર રહે. મંત્રાલયે ખાસ કરીને યુવાનો પર ઑનલાઇન સટ્ટાબાજી અને જુગારની નોંધપાત્ર નાણાકીય અને સામાજિક-આર્થિક અસરોને ધ્યાનમાં રાખીને એડવાઇઝરી જારી કરી છે. મંત્રાલયે ચેતવણી આપી છે કે, જો આ પાલન કરવામાં કોઈપણ નિષ્ફળ જશે તો ગ્રાહક સુરક્ષા અધિનિયમ, 2019 ની જોગવાઈઓ હેઠળ કાર્યવાહી થશે.

..............................................

## *KOLKATA-HC-BUILDING-COLLAPSE*

કોલકત્તાની વડી અદાલતે શહેરના ગાર્ડન રીચ વિસ્તારમાં ઇમારત તૂટી પડવાના બનાવ અંગે અહેવાલ રજુ કરતાં અને આ બનાવથી અસરગ્રસ્તોના પુનઃવસન માટે બંગાળ સરકારે લીધેલા પગલાં અંગે સોગંદનામુ અદાલતમાં રજુ કરવાનો નિર્દેશ બંગાળ સરકારને આપ્યો છે.

વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ શિવગણનમના વડપણ હેઠળની બેન્ચે ભાજપના નેતા રાકેશ સિંહ દ્વારા રજુ કરાયેલી જાહેરહિતની અરજીની આજે સુનાવણી બાદ આવો નિર્દેશ આપ્યો છે.

વડી અદાલતે અવલોકન કર્યું છે કે, વહીવટી તંત્રના જાણ વિના ગેરકાયદેસર ઇમારતનું બાંધકામ કરવું શક્ય નથી. અદાલતે બનાવના અસરગ્રસ્તોને અનાજ આપવા અને આ પ્રકારના ગેરકાયદેસર બાંધકામ થતાં રોકવા અલાયદી વ્યવસ્થા ગોઠવવાનો પણ રાજ્ય સરકારને નિર્દેશ આપ્યો છે.

..............................................

## *SWISS OPEN BADMINTON*

સ્વિસ ઓપન બેડમિન્ટનમાં, ભારતના પ્રિયાંશુ રાજાવતે ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. તેણે પુરૂષ સિંગલ્સના પ્રી-ક્વાર્ટર્સમાં ચીનના લેન્ક્સી લેઈને સી 21-14, 21-13થી હરાવ્યો હતો.

અગાઉ, ભારતની ગાયત્રી ગોપીચંદ અને ટ્રીસા જોલીએ સ્વિટ્ઝર્લેન્ડમાં મહિલા ડબલ્સ કેટેગરીની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આજે રાત્રે ભારતીય ટોચના શટલર્સ લક્ષ્ય સેન, કિદામ્બી શ્રીકાંત, પ્રિયાંશુ રાજાવત અને કિરણ જ્યોર્જ પુરૂષ સિંગલ્સના ક્વાર્ટર્સમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરવા માટે મેચ રમશે.

જ્યારે મહિલા સિંગલ્સમાં પીવી સિંધુ પણ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ મેળવવા માટે રમશે.

..............................................

## *IPL-DHONI*

ઈન્ડિયન પ્રીમીયર લિંગ (આઈપીએલ)ની આજથી ચેન્નાઈમાં શરૂઆત થઈ રહી છે. ચેન્નાઈના એમએ ચિદમ્બરમ્ સ્ટેડિયમ ખાતે આજે સાંજે 8 વાગ્યે ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે પ્રથમ ટી-ટ્વેન્ટી મેચ રમાશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ટૂર્નામેન્ટના પ્રથમ બે અઠવાડિયાનો સમયપત્રક જાહેર કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે મહેન્દ્રસિંહ ધોનીએ રુતુરાજ ગાયકવાડને ચેન્નાઈ સુપર કિંગ્સની કેપ્ટનશિપ સોંપી છે. આ બીજી વખત છે જ્યારે ધોનીએ સુકાની પદ છોડ્યું છે. તેણે અગાઉ વર્ષ 2022માં રવિન્દ્ર જાડેજાને કેપ્ટનશિપ સોંપી હતી. આ જાહેરાત આઈપીએલની 17મી આવૃત્તિની પૂર્વ સંધ્યાએ કરવામાં આવી છે.

..............................................

## *IOA- FLAG BEARERS*

ભારતીય ઓલિમ્પિક એસોસિએશન (IOA) એ આગામી પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય ધ્વજવાહક તરીકે ટેબલ ટેનિસ ખેલાડી અચંતા શરથ કમલની જાહેરાત કરી છે.

IOA એ ગઈકાલે, ઓલિમ્પિક કાંસ્ય ચંદ્રક વિજેતા અને બોક્સિંગ વિશ્વ ચેમ્પિયન, મેરી કોમની પેરિસમાં ભારતીય ખેલાડી માટે શેફ ડી મિશન તરીકેની પણ જાહેરાત કરી હતી. શેફ ડી મિશન એ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં રમતગમતના પ્રતિનિધિ મંડળના વડા છે.

ભૂતપૂર્વ વિન્ટર ઓલિમ્પિયન શિવા કેશવન ડેપ્યુટી શેફ ડી મિશન તરીકે સેવા આપશે, જ્યારે ગગન નારંગ ભારતીય શૂટિંગ ટીમના પ્રભારી હશે. તેમજ ચીફ મેડિકલ ઓફિસર તરીકે ડો.દિનશા પારડીવાલાની નિમણૂંક કરવામાં આવી છે.

..............................................

## SC-EC-APPOINTMENT

સર્વોચ્ચ અદાલતે મુખ્ય ચૂંટણી કમિશ્નર અને ચૂંટણી કમિશ્નરોની નિમણૂંકને લગતાં નવા કાયદા સામે મનાઇ હુકમ ફરમાવવાનો ઇનકાર કર્યો છે. ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાની બનેલી પીઠે મુખ્ય ચૂંટણી કમિશ્નર અને ચૂંટણી કમિશ્નરોની નિમણૂંકને લગતાં નવા કાયદાને પડકારતી અરજીઓની સુનાવણી બાદ આવો ચૂકાદો આપ્યો છે.

અદાલતના ન્યાયાધીશોએ એવું પણ અવલોકન કર્યું છે કે, લોકસભાની ચૂંટણી પ્રક્રિયા શરૂ થઇ હોવાથી આ તબક્કે સંબંધિત કાયદા સામે મનાઇ હુકમ આપી શકાય નહીં.

અદાલતે એવું પણ અવલોકન કર્યું છે કે, નવા નિમણૂંક પામેલા ચૂંટણી કમિશ્નરો જ્ઞાનેશકુમાર અને સુખબિરસિંહ સંધુ સામે કોઇપણ પ્રકારના આક્ષેપ થયા નથી.

..............................................

## ESSENTIAL SERVANT ELECTIONS

લોકસભાની ચૂંટણીને ધ્યાને લઇ ભારતીય ચૂંટણીપંચે આકાશવાણી, દૂરદર્શન, ચૂંટણીના દિવસે કવરેજ માટે ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરાયેલા મિડિયા કર્મીઓ સહિત બીએસએનએલ, રેલવે અને વીજળી વિભાગ સહિત વિવિધ 12 જેટલી સેવાઓને આવશ્યક સેવાઓ જાહેર કરવામાં આવી છે.

આવશ્યક સેવાકર્મીઓને લોકસભાની ચૂંટણી માટે પોસ્ટલ બેલેટ દ્વારા મતદાનની સુવિધા આપવામાં આવશે. જો કે, આવશ્યક સેવા કર્મીઓએ જરૂરી વિગતો આપીને ફોર્મ-12-ડી માં ચૂંટણી અધિકારીને અરજી કરવાની રહેશે. પોસ્ટલ બેલેટની સુવિધા માંગતી આવી અરજી, ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી પાંચ દિવસમાં ચૂંટણી અધિકારી સુધી પહોંચાડવી જોઇશે.

.............................................

## NIA-CPI-(MAOIST)

રાષ્ટ્રીય તપાસ સંસ્થા- એનઆઇએના અધિકારીઓએ બિહારમાં પ્રતિબંધિત સીપીઆઇ માઓઇસ્ટ સંસ્થાને મજબૂત કરવાના પ્રયાસના આક્ષેપ સાથે આરોપી વિનોદ મિશ્રાની ધરપકડ કરી છે.

આરોપી મિશ્રા આઠ મહિના સુધી નાસતો ફરતો હતો, જેની ધનબાદમાં ધરપકડ કરાઇ છે. તેની સામે પ્રતિબંધિત સંસ્થાના સભ્યોને પોતાના નિવાસસ્થાને આશરો આપવાનો પણ આરોપ છે. ઉલ્લેખનીય છે

કે, એનઆઇએ દ્વારા ગયા વર્ષના ઓગસ્ટ માસથી આ કેસની તપાસ હાથ ધરાઇ છે.

..............................................